ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ૪૦ ટકા વરસાદની ઘટ રહેતા પેયજળની સમસ્યા વકરવાના સંકેતો

**૧૫૦થી વધુ ગામો આજે પણ સ્થાનિક સ્ત્રોતમાંથી જ પાણી મેળવે છે જિલ્લામાં ભૂગર્ભ જળ રિચાર્જ થાય તેવો વરસાદ થયો જ નથી**

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં વરસાદની ૪૦ ટકાથી પણ વધુ ઘટ સાથે ચોમાસુ આગળ વધી રહ્યુ છે પણ આગામી દિવસોમાં પેયજળના પ્રશ્નો ઉભા થશે તેવા સંકેતો મળી રહ્યા છે.

જિલ્લામાં ૧૫૦થી વધુ ગામો આજે પણ નર્મદાનું પાણી લેતા નથી તેમજ વરસાદની ગત વર્ષે પણ ૨૦ ટકા જેટલી ઘટ હતી આજે આ વખતે વરસાદની ઘટ ૪૦ ટકા પર પહોંચી છે.

જિલ્લામાં છુટા છવાયેલા નોંધાયેલા વરસાદને પગલે ખેતીને આ સિઝનનો ફાયદો જરૂર થયો છે પણ પાણીનું રિચાર્જીંગ થાય તેવો વરસાદ થયો નથી આથી આગામી દિવસોમાં પેયજળના પુરવઠાના પ્રશ્નો ઉભા થશે તેની ચિંતા ઉંડે ઉંડે તંત્રના અધિકારીઓને થવા લાગી છે.

જિલ્લામાં વરસાદની ઘટ જે છે તેનાથી ખેડૂતો પણ ચિંતામાં છે. ફેરરોપણીના પાકો માટે તૈયાર કરેલ ધરૂવાડિયાઓમાં નુકશાન થવા પામ્યુ છે. જોકે હજુ સારો વરસાદ આવશે તેવી આશા ખેડૂતો પણ રાખી રહ્યા છે.

જિલ્લામાં આમ તો સામાન્યતઃ જુલાઈ અને ઓગષ્ટ માસ દરમ્યાન ૮૦ ટકા જેટલો વરસાદ નોંધાઈ જતો હોય છે તેની સામે ૩૫ ટકાની આસપાસ જ વરસાદ નોંધાયો છે. રિચાર્જીંગ માટે ગાંધીનગર નજીક બનાવાયેલ સંત સરોવરમાં પણ પાણીનો જથ્થો હજુ જોઈએ તેવો આવ્યો નથી તેમજ રાજસ્થાનમાં જે વરસાદની ઘટ છે તેને પગલે સાબરમતી નદી પણ રિચાર્જ થવી જોઈએ ચોમાસામાં તે થઈ નથી આથી આ વખતે ચોમાસા બાદ પેયજળના પ્રશ્નો એ જિલ્લા માટે ખુબજ પેચીદા બનશે.



ઈદ-ઉલ-અઝહા : આજે ઈદ-ઉલ-અઝહાના બલિદાન પર્વે શહેરના મુસ્લિમ બિરાદરોએ વિશિષ્ટ નમાઝ અદા કરી હતી... સેક્ટર-૨૧ની ઝુમ્મા મસ્જીદ ખાતે સવારે યોજાયેલી નમાઝમાં મુસ્લિમ બિરાદરો મોટી સંખ્યામાં જોડાયા હતા...

## મનપાનો સેવાસેતુ કાર્યક્રમ ૨૮મીએ યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા તેનો પ્રથમ સેવાસેતુ કાર્યક્રમ આગામી ૨૮મી ઓગષ્ટના રોજ યોજવામાં આવશે. ચોથા તબક્કામાં યોજાઈ રહેલ આ સેવાસેતુમાં કુલ ૫૫ જેટલી સેવાઓ સ્થળ પર આપવા ઉપરાંત ૧૩ જેટલા વિભાગોની કલ્યાણલક્ષી યોજનાઓનું સાહિત્ય પણ લાભાર્થીઓને વિતરીત કરવામાં આવશે. સે. ૨૮ની લગ્નવાડી ખાતે આ સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે નવ વાગ્યે આ કાર્યક્રમનો મંગલદીપ પ્રગટાવી પ્રારંભ કરવામાં આવશે. મનપાના તંત્ર દ્વારા આ સેવાસેતુ કાર્યક્રમને લઈ આયોજન તૈયાર કરવામાં આવી રહ્યું છે. બે વોર્ડનો આ સેવાસેતુ કાર્યક્રમ રહેશે.

# જિલ્લામાં ૪૭૨૧ નવા મતદારો નોંધાયા

**પંચની ખાસ ઝુંબેશ અભિયાનમાં મળેલ અરજીઓનો નિકાલ આખરી તબક્કામાં**

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં તાજેતરમાં મતદાર નોંધણીની યોજાયેલી ખાસ ઝુંબેશમાં ૪૭૨૧ નવા મતદારો નોંધાયા છે.

સૌથી વધુ મતદારો ગાંધીનગર (દ)માં નોંધાયા છે. જેની સંખ્યા ૧૭૬૯ છે. ૧૫-૫-૧૮થી ૨૦-૬-૧૮ દરમ્યાન યોજાયેલી ઝુંબેશ દરમ્યાન કલોલમાં ૯૭૩, દહેગામમાં ૯૨૫, ગાંધીનગર (ઉ)માં ૫૮૧ અને માણસામાં ૪૭૩ નવા મતદારો નોંધાયા છે.

આ ઝુંબેશમાં બી.એલ.ઓ.ની કામગીરીને સઘન બનાવવા પર ભાર મુકવામાં આવ્યો હોવાનું જણાવતાં તંત્રના સૂત્રોએ કહ્યું છે કે આ ઝુંબેશમાં બી.એલ.ઓ. ઘરે ઘરે ફરી અને મતદારની ચકાસણી કરવાની કામગીરી વધુ મહત્વની હતી એટલુ જ નહિ આ ઝુંબેશમાં મતદારયાદીના જે સુધારા-વધારા કરવાના હોય તે તેમજ સ્થળાંતરિત થયેલ મતદારો વિશે વિગતો મેળવવાનો ખાસ હેતુ હતો.

જિલ્લા ચૂંટણીતંત્ર પાસેથી મળેલ વિગતો પ્રમાણે ૪૦૧૧ જેટલી અરજીઓ સુધારા-વધારાની પ્રાપ્ત થવા પામી છે. જ્યારે ૫૪૪ જેટલી અરજીઓ મતદારો દ્વારા જે તે મતવિસ્તારમાં નામ દાખલ કરાયુ હોય અને તેજ મત વિસ્તારમાં અન્ય રહેવા જતા રહ્યા હોય તેવી અરજીઓ પણ મળી છે.

તંત્ર દ્વારા જુદી જુદી જે અરજીઓ મળી છે તે અંગેની કાર્યવાહી હાલ ચાલી રહી છે અને તે ટૂંકમાં જ સંપન્ન થશે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં અટલજીને શ્રધ્ધાંજલિ અર્પવા નગરજનો દ્વારા ૨૪મીએ પ્રાર્થના સભા

ગાંધીનગર તા ૨૨

ભારતના ભુતપુર્વ વડાપ્રધાન અને ભારત રત્ન સ્વ અટલ બિહારી વાજપેયીને શ્રધ્ધાજિલ અર્પવા માટે નગરમાં આગામી તા ૨૪ ઓગષ્ટના રોજ સે-૧૨ સ્થિત ઉમિયા સંસ્થાન ખાતે ઉમાહોલમાં સાંજે ૫ થી ૭ કલાક દરમિયાન એક પ્રાર્થના સભાનુ

**સે-૧૨ સ્થિત ઉમિયા મંદિરના ઉમા હોલમાં નગરજનો દ્વારા ભજન, અટલજીની કવિતાઓનુ પઠન અને સંસ્મરણો રજુ કરાશે**

આયોજન કરવામાં આવ્યુ છે. સાર્વજનિક સર્વદલીય પ્રાર્થનાસભાના આયોજન અન્વયે ભજન તેમજ અટલજીની કવિતા પઠન તેમજ તેમના સંસ્મરણો રજુ કરવામાં આવશે. ભારતના પુર્વ વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીના અસ્થિ કુંભ યાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જયારે ગુજરાત રાજય મંત્રી મંડળે પણ ભારત રત્ન સ્વર્ગસ્થ અટલ બિહારી વાજપેયીને ભાવભરી શ્રધ્ધાંજલિ આપતો શોકદર્શક પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો. બે મિનિટનુ મૌન પાળી વાજપેયીના આત્માની શાંતિ માટે પ્રભુ પ્રાર્થના કરી હતી. અટલ બિહારી વાજપેયીના નિધન બાદ દેશભરમાં શ્રધ્ધાંજલિ અર્પવાના ભાગરૂપે ભાજપ દ્વારા પ્રાર્થનાસભા યોજવામાં આવી રહી છે. જયારે હાલ અટલજીના અસ્થિકુંભ યાત્રાનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. રાજયના પાટનગરમાં પણ નગરજનો દ્વારા અટલજીને શ્રધ્ધાંજલિ અર્પવા માટે આગામી તા ૨૪ ઓગષ્ટના રોજ શુક્રવારે સાંજે ૫ કલાકે સે-૧૨ સ્થિત ઉમિયા માતા મંદિરના ભવનમાં પ્રાર્થનાસભાનુ આયોજન કરવામાં આવ્યુ છે. ગાંધીનગરના સમગ્ર નાગરિકો વતી યોજનારી આ પ્રાર્થના



સભામાં બે મિનિટનુ મૌન પાળી અટલજીના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરવામાં આવશે. નગરના ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીજીના માર્ગદર્શન હેઠળ પ્રાર્થનાસભાનો કાર્યક્રમ યોજાશે. જયારે આ દરમિયાન ભજન , ઉપરાંત અટલ બિહારી વાજપેયીની કવિતાઓનુ પઠન પણ કરવામાં આવશે. આ પ્રાર્થનાસભામાં નગરની સામાજિક સંસ્થાઓ , નગરના અગ્રણીઓ, રાજકીય પક્ષોના આગેવાનો ઉપસ્થિત રહેશે. આ દરમિયાન અટલજી સાથે કામ કરી ચુકેલા કાર્યકર્તાઓ પણ અટલજીને યાદ કરીને તેમના સંસ્મરણો રજુ કરશે. ભારતના ભુતપુર્વ વડા પ્રધાન અને ભારત રત્ન અટલ બિહારી વાજપેયીને ભાવભરી શ્રધ્ધાંજલિ અર્પવાના આ કાર્યક્રમમાં સર્વે નાગરિકોને હાજર રહેવા માટે અપીલ કરવામાં આવી છે.

# શહેરમાં વરસાદે પણ રજા રાખી

**આકાશમાં દિનભર વાદળો ગોરંભાયેલા રહ્યા પણ વરસાદ ન આવ્યો**

ગાંધીનગર તા ૨૨

શહેરમાં બે દિવસથી વરસતા ઝરમરિયા વરસાદે આજે વિરામ લીધો હતો. દિવસ દરમિયાન આકાશમાં વરસાદી વાદળોની લુપાછુપી વચ્ચે વાદળિયુ વાતાવરણ યથાવત રહયુ હતુ. જો કે વરસાદ વરસ્યો ન હતો. જો કે મહત્તમ તાપમાન પણ ૩૧. ૫ ડી ગ્રી રહયુ હતુ. પરંતુ વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ નોંધપાત્ર રહેતા દિવસ દરમિયાન વરસાદની ગેરહાજરી વચ્ચે નગરજનોએ બફારો અનુભવ્યો હતો. શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૯ મી મી વરસાદ નોંધાયો છે.

ગાંધીનગરના આકાશમાં વરસાદી વાદળોની સવારી રોજબરોજ જોવા મળે છે. જો કે હજુ સુધી સિઝનનો ૧૧ ઈંચ જેટલો જ વરસાદ થયો છે. ત્યારે નગરજનો પણ વરસાદની વાટે છે. ગત દિવસોમાં મેઘરાજા ધોધમાર વરસતા સાર્વત્રિક ઠંડક વચ્ચે ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૯ મી મી વરસાદ નોંધાયો છે. જયારે અત્યાર સુધી સિઝનનો ૨૭૫ મી મી વરસાદ થયો છે. ત્યારે શહેરમાં ગઈકાલે ઝરમર વરસતા વરસાદના લીધે ભીંજારોનુ વાતાવરણ સર્જાયુ હતુ. જયારે આજે પણ સવારથી જ આકાશમાં વરસાદી વાદળોનો ઘેરાવો જોવા મળ્યો હતો. પરંતુ વરસાદ વરસ્યો ન હતો. કેટલાક ઠેકાણે છુટાછવાયા છાટણા થયા હતા. વાદળિયા વાતાવરણના લીધે દિવસ દરમિયાન વરસાદી વાતાવરણ યથાવત રહયુ હતુ. જયારે ઝરમરિયા વરસાદના લીધે સેકટરોમાં વરસાદી સમસ્યાઓ તરવરતી નજરે પડી હતી.




સે. ૪માં ચોખ્ખા ઘીના શિવજીના દર્શન : પવિત્ર શ્રાવણ માસ ચાલી રહ્યો છે અને શ્રદ્ધાળુઓ ભગવાન ભોળાનાથની ભક્તિમાં તલ્લીન થયા છે. ભાવિકો પોતાની શ્રદ્ધા વિવિધ રીતે વ્યક્ત કરી ભોળાનાથને રીઝવવા પ્રયાસ કરી રહ્યાં છે. ત્યારે શહેરના મંદિરોના સંચાલકો દ્વારા પણ પ્રભુના અવનવા દર્શનના આયોજન કરી ભક્તોને શ્રાવણની ભક્તિ ઉલ્લાસમાં નાવિન્ય પુરૂ પાડી રહ્યાં છે. ગાંધીનગરના સેક્ટર-૪ ખાતેના ઓમકારેશ્વર મંદિરે ચોખ્ખા ઘીની શિવજીની મૂર્તિ બનાવાઈ છે. જેના દર્શનાર્થે ભાવિકો ઉમટી રહ્યાં છે. આગામી જન્માષ્ટમીના પર્વને અનુલક્ષીને જશોદા મૈયા અને કાનુડાની મૂર્તિ પણ ચોખ્ખા ઘીમાંથી બનાવાઈ છે.

# અમદાવાદમાં અટલજીના અસ્થિનું વિસર્જન

**વાજપેયીની અસ્થિ કળશ યાત્રામાં હજારોની સંખ્યામાં લોકો ઉમટ્યા : ભારત રત્ન વાજપેયીના અસ્થિકુંભનું સાબરમતીમાં વિસર્જન : ૩૦મી ઓગસ્ટ સુધીમાં ગુજરાતની પાંચ પવિત્ર નદીઓમાં પાંચ અસ્થિકુંભનું વિસર્જન કરાશે**

અમદાવાદ, તા.૨૨

પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના અસ્થિકળશને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પ્રમુખ અમિત શાહે ૧૦૦થી વધુ નદીઓમાં પ્રવાહિત કરવા માટે ભાજપના પ્રદેશ અધ્યક્ષોને સોંપ્યા બાદ જુદા જુદા રાજ્યોમાં પ્રદેશ અધ્યક્ષો અસ્થિકળશને લઈને પોતાના રાજ્યોમાં પહોંચ્યા હતા. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં પાર્ટીની જુની ઓફિસમાં મોદી અને અમિત શાહ ઉપસ્થિત રહ્યા હતા. પ્રદેશ અધ્યક્ષોને અસ્થિકળશ સોંપાયા બાદ ગુજરાતના પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી બપોરે અસ્થિકળશ સાથે અમદાવાદ પહોંચ્યા હતા. અહીં વાઘાણી ખભે અસ્થિ કળશ લઈને એરપોર્ટ બહાર આવ્યા હતા. વાઘાણી દ્વારા રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને સ્વ. અટલજીનો અસ્થિ કળશ સોંપ્યો હતો. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, કેન્દ્રીય મંત્રી પુરષોત્તમ રૂપાલા, મનસુખ માંડવિયા, ગુજરાતના મંત્રીઓ, સાંસદો, ધારાસભ્યો, મેયર, સંતો મહંતો સહિત હજારો કાર્યકરો તથા નગરજનોએ અટલજી અમર રહોના નારાઓ સાથે એરપોર્ટ અસ્થિકળશનું પૂજન કરવામાં આવ્યું હતું. પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. અસ્થિકુંજ યાત્રા ખાડિયા-ગોલવાડ ખાતેથી શરૂ થતાં રાષ્ટ્રનાયક વાજપેયીને શ્રદ્ધાસુમન અર્પણ કરવામાં હજારોની જનમેદની ઉમટી પડી હતી. સાબરમતી નદીમાં વાજપેયીના અસ્થિ વિસર્જન કરવામાં આવ્યું હતું તે સ્થળને હવે અટલ ઘાટ તરીકે ઓળખવામાં આવશે. બીજી બાજુ સાબરમતી નદીમાં વિસર્જન કરવામાં આવ્યા બાદ બીજા પાંચ અસ્થિકુંજનું ૩૦મી ઓગસ્ટ સુધીમાં ગુજરાતની પાંચ પવિત્ર નદીઓમાં વિસર્જન કરવામાં આવશે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પણ કળશને ખભે રાખ્યો હતો. દરમ્યાન અમદાવાદ શહેરમાં ભવ્ય અસ્થિકળશ યાત્રા કાઢીને સ્વ.વાજપેયીની અસ્થિનું સાબરમતી નદીમાં ભાવભીની શ્રધ્ધાંજલિ વચ્ચે શાસ્ત્રોક્ત વિધિ અને મંત્રોચ્ચાર સાથે વિસર્જન કરાયું હતું.

● અનુસંધાન પાન-૭ પર



## બેસણું



અમારા માતૃશ્રી કંકુબેન **આત્મારામ ચૌહાણ** તા. ૨૧/૮/૨૦૧૮ને મંગળવારના રોજ દેવલોક પામેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૨૪/૮/૨૦૧૮ને શુક્રવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**સ્થળ :**
પ્લોટ નં. ૩૮૧/બી/૧,
સેક્ટર-૮, ગાંધીનગર
મો. : ૯૯૦૯૨૬૩૩૭૭

લિ.
મુકેશ આત્મારામ ચૌહાણ
કૌશિક આત્મારામ ચૌહાણ
વિજય આત્મારામ ચૌહાણ

LEARN
PHOTOGRAPHY
CINEMATOGRAPHY
1 MONTH BASIC, 3 MONTH ADVANCE COURCE
LEARN ACTING
THEORY + PRATICAL
WELL EQUIPPED STUDIO
AUDIO-VISUAL FACILITIES
Arpan Films
Where Your Dreams Are Fulfilled
B-332-333, Pramukh Arcade, Kudasan, Gandhinagar
Mo. +91 7878101541 | arpanfilms87@gmail.com

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com